આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૨ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૩, રવિવાર; ભાદરવા વદ - 3 | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

માનવીના જ્ઞાનને માપવા માટે તેની નમ્રતા અને બદાને પ્રેમ કરી શકવાની તેની તાકાત તપાસવી જરૂરી છે
- ઓશો

નાયબ ચૂંટણી કમિશનર વિનોદ ઝુત્સી આજે ગાંધીનગરમાં

ગાંધીનગર દક્ષિણના કોબા, રાંદેસણ અને કુડાસણમાં ચાલતી મતદાર યાદી સુધારણા ઝુંબેશને નિહાળશે : બપોર બાદ સાબરકાંઠાના પ્રવાસે જશે

ગાંધીનગર, તા.૨૧

નાયબ ચૂંટણી કમિશનર વિનોદ ઝૂત્સી આજથી રાજયના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશનું તેઓ આજે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં નિરીક્ષણ કરશે.

શ્રી ઝુત્સી ભોપાલથી સીધા અમદાવાદ આવશે. બપોરે બે વાગે તેઓ ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તારના કોબા, રાંદેસણ અને કુડાસણમાં ચાલતી મતદાર યાદી સુધારણા ઝુંબેશને નિહાળશે. આ પછી તેઓ સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે જવા રવાના થશે.

શ્રી ઝુત્સી સોમવારે સવારે જિલ્લા કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ કરશે અને લોકસભાની ચૂંટણી અંગેની ચાલી રહેલી તૈયારીઓ તેમજ મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંગે સમીક્ષા કરશે.

તેઓ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી કરવાલ સાથે પણ અલગથી બેઠક કરી મતદાર યાદી સુધારણા ઝુંબેશની સમીક્ષા કરશે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત રાજયમાં ઈ-ગ્રામ સેન્ટરોમાં શરુ કરાયેલ મતદાર સહાયતા કેન્દ્રોને મળી રહેલા પ્રતિસાદ અંગે પણ સમીક્ષા કરનાર છે. ચૂંટણી પંચે આ મતદાર સહાયતા કેન્દ્રો બનાવતા પહેલાં ગાંધીનગર જિલ્લાના પાંચ ગામોમાં પાયલોટ પ્રોજેકટ અમલમાં મુકાયો હતો.

મળતી વિગતો પ્રમાણે ઝુત્સી રાજયમાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

વાદળો ઘેરાયા ને વરસાદ વરસ્યો - ગાંધીનગર સહિત રાજયભરમાં છેલ્લા દસ દિવસથી આભમાંથી આગ ઓકાય છે... ગરમી ત્રાહિમામ પોકારાઈ રહી છે... ચારેય તરફ ગરમી ટોક ઓફ ધ ટાઉન બની હતી ત્યારે શનિવારની સાંજે એકાએક વાતાવરણ પલ્ટાયું, વાદળો ઘેરાયા, પવન ફુંકાયો ને સાંજે સાત વાગ્યે તોફાની પવન સાથે વરસાદની પધરામણી થઈ... ગરમીમાંથી એકાએક વરસાદી માહોલ ઠંડક જરૂર પ્રસરાવે છે પરંતુ આછા અને ઓછા વરસાદથી ભરાતા ખાબોચીયા મચ્છરોનું ઉત્પતિકેન્દ્ર બની જાય છે. ફરીથી મચ્છરો જન્મશે અને રોગચાળાનો પ્રકોપ પુનઃ વર્તાશે... આવી બીક સૌના મનમાં રમ્યા કરે છે... જોકે વરસાદથી નગરજનોને ગરમીથી થોડી રાહત મળી છે.

જીલ્લામાં ખરીફ પાકના વાવેતર વિસ્તારમાં ઘટાડો

કપાસનું વાવેતર ઘટ્યું : દિવેલાનું વાવેતર જળવાઈ રહ્યું : શાકભાજી અને ઘાસચારાના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર પૂર્ણ થયું છે જે ગત વર્ષની તુલનામાં ચાર હજાર હેકટર જેટલો ઘટાડો દર્શાવે છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે વરસાદની બદલાયેલી પેટર્નને કારણે ખેડૂતોએ શાકભાજીના પાકોનું વાવેતર વધુ કર્યું છે. બજારભાવ પણ શાકભાજીના સારા મળી રહ્યા છે. સતત વરસાદને કારણે આ વખતે દિવેલાનું વાવેતર જળવાઈ રહેવા પામ્યું છે. જ્યારે કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત જુવાર ઘાસચારાના પાકનું વિક્રમી વાવેતર થવા પામ્યું છે. જેનો સીધો ફાયદો પશુપાલકોને થશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧ લાખ ૪૪ હજાર હેકટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. જેમાં દિવેલાનું વાવેતર ૨૬ હજાર હેકટર વિસ્તારમાં થયું છે. જુવાર ઘાસચારાનું વાવેતર ૩૭ હજાર હેકટર વિસ્તારમાં, કપાસનું વાવેતર ૨૯ હજાર હેકટર વિસ્તારમાં થયું છે.

શાકભાજીના પાકોનું વાવેતર ૧૦ હજાર હેકટરમાં થયું છે. ગત વર્ષે શાકભાજીના પાકોનું વાવેતર ૮ હજાર હેકટર જેટલું હતું.

જિલ્લામાં સતત વરસાદને પગલે ખેડૂતો મનપસંદ વાવણી કરવાને બદલે બજાર ભાવને લક્ષમાં રાખી વાવણી તરફ વળ્યા છે. શાકભાજીના પાકોમાં પણ ગવાર, ભીંડા, કાકડી, કારેલા જેવા પાકોનું વાવેતર વધુ કર્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં વરસાદનો અંતિમ રાઉન્ડ જે રીતે ખેંચાયો છે તેનાથી ખેડૂતો થોડાક ચિંતીત બન્યા છે. જિલ્લામાં ભાદરવામાં હળવા ઝાપટા એક-બે થયા છે પણ તે ખેતી માટે પુરતા નહિ હોવાનું કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલ સૂત્રોનું કહેવું છે.